# વિક્રમ સંવત ૨૦૭૫નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

સૂર્યગ્રહણ થશે જે ભારતમાં દેખાવાનું નથી.

(૪) અષાઢ-શુકલ-૧૫, મંગળવાર, તા. ૧૬/૧૭-૦૭-૨૦૧૯ ભારતીય દિનાંક-૨૫ આષાઢ ૧૯૪૦ આ દિવસે ધનુ રાશિમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

| ભૂ. મંડલે ખગૌલિક ચમત્કૃતિ<br>ખગૌલિક ચમત્કૃતિ | ભારતીય સ્ટા.ટા.<br>તારીખ | <br>ક.મિ. |
|---|---|---|
| ભૂમંડલે ગ્રહણ સ્પર્શ | ૧૭ | ૦૧.૩૨ એએમ |
| ભૂમંડલે ગ્રહણ મધ્ય | ૧૭ | ૦૩-૦૧ એએમ |
| ભૂમંડલે ગ્રહણ-મોક્ષ | ૧૭ | ૦૪-૩૦ એએમ |

● **પરમગ્રાસ ૦.૬૫૬** ● **ગ્રહણ પર્વકાળ ૦૨-૫૮**

## ગ્રહણનો પુણ્યકાળ-ગ્રહણ

સ્પર્શથી મોક્ષ સુધીનો એટલે તા. ૧૭-૭-૨૦૧૯ના વહેલી સવારે ૦૧ કલાક ૩૧ મિનિટ ૪૩ સેકન્ડથી ૦૪ કલાક ૨૯ મિનિટ ૩૯ સેકન્ડ સુધી ગ્રહણ પૂણ્યકાળ છે.

આ ગ્રહણ રાત્રિના ત્રીજા પ્રહરમાં થતુ હોવાથી ૩ પ્રહર પહેલા એટલે કે તારીખ ૧૬-૦૭-૨૦૧૯ના બપોરના ૪ વાગ્યાથી

**ગ્રહણ મોક્ષ સુધી ગ્રહણનો વેધ છે**

નોંધ, વૃદ્ધો, બાળકો, અશક્ત, માંદી વ્યક્તિઓ તેમજ ગર્ભવતી સ્ત્રીઓએ રાત્રે ૦૮ કલાકે ૪૦ મિનિટના ગ્રહણનો વેધ પાળવો.

**ગ્રહણ દરમિયાન કરવાના કૃત્યો**

(૧) પૂણ્યકાળ :- પૂણ્યકાળ પહેલાં સ્નાન કરવું
(૨) મધ્યે :- ગ્રહણ મધ્યે દેવનું પૂજન, તર્પણ વિ. શ્રાદ્ધ જાપ, હોમ. વિ.
(૩) ગ્રહણ છૂટતાં - ગ્રહમ છૂટતાં દાન કરવું
શુદ્ધબિંલ થયા પછી સ્નાન કરવું.

નોંધ :- જનન શૌક, કે મૃતાત્મા શૌચમાં ગ્રહણ હોય તો ગ્રહમ સંબંધી સ્નાન, દાન, ઈત્યાદિ કૃત્ય કરવા માટે શુદ્ધિ છે. આ ઉપરાંત મંત્ર, તંત્ર, પુનરનિ સંબંધી માહિતી અત્ર તત્રથી શાસ્ત્રોક્ત રીતે મેળવી લેવી.

**સ્નાન વિશે : -**

ગ્રહણ દરમિયાન બધુ પાણી ગંગા સમાન છે. ગરમ પાણી કરતા ઠંડુ પાણી પૂણ્યકારક છે. બીજાના આપેલા પાણી કરતાં પોતાનું પાણી શ્રેષ્ઠ ગણાય છે. પાણીને બહાર કાઢી સ્નાન કરવુ, નદી, સરોવર, મહાનદી, ગંગા, સમુદ્રનું સ્નાન ઘણુ પૂણ્યકારક છે.

**ગ્રહણનું રાશિ પરત્વે ફળ**

શુભફળ :- કર્ક, તુલા, કુંભ, મીન
મિશ્ર :- મેષ, મિથુન, સિંહ, વૃશ્ચિક
અશુભફળ :- વૃષભ, કન્યા, ધનુ, મકર

## ભારતનું ભાવિ

વૃષભના રાહુમાં અખંડ ભારતના ભારત, પાકિસ્તાન ભાગલા થયેલા. વૃશ્ચિક સહિતના ગુરૂમાં એકંદરે ભારતવર્ષની સ્થિતિ કંઈક અંશે સારી ગણાય. આર્થિક ક્ષેત્રે કઠણાઈ હોવા છતાં એકંદરે કઠણાઈઓ પાર પડતી જણાય. ધનનો શનિ, ભારતવર્ષ માટે લોઢાના ચણા ચાવવા જેવો રહે. તારીખ ૦૬-૦૩-૨૦૧૯થી રાહુ મિથુન અને કેતુ ધનુ રાશિઓ થતાં આર્થિક મોરચે ઘણુ સાચવવું પડે. તારીખ ૧૬-૧૨-૨૦૧૯ થી ૧૪-૦૧-૨૦૧૯નો સમયગાળો રાજકિય નેતાઓ માટે આશ્ચર્યજનક રહે. પક્ષ પલટો, પક્ષોમાં મતભેદો ઉપસી આવે. ફેબ્રુઆરી-૨૦૧૯ સ્ફોટક જણાય. માર્ચથી વર્ષાન્ત સુધીનો ગાળો ભારતીય લોકશાહીમાં સીમાચિહ્ન સૂચક રહે. ફળ જ્યોતિષની દૃષ્ટિએ આ વખતની પરિસ્થિતિ ભારત માટે બહુ જ ખતરનાક રહે. પરરાષ્ટ્રની અવળચંડાઈ વધે. બહારના હિતશત્રુઓ, ભારતને ભીંસમાં લેવા પ્રયત્ન કરે. આથી ભારતમાં યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે. સરહદી છમકલા વધે. આતંકવાદી પ્રવૃત્તિ માથુ ઉંચકે. સરકાર પ્રજાએ જાગૃતિ રાખવી રહે.

## ગુજરાત રાજ્યનું ભાવિ

**ગુજરાત રાજ્યની સ્થાપના તા. ૦૧-૦૫-૧૯૬૦ માં થયેલ છે.**
**ગુજરાત રાજ્યની કુંડળી જોતાં**




ચર લગ્નમાં સ્થાપના થઈ છે. એટલે પરદેશ સાથેના સંબંધો રાજ્ય સાથે આકરા રહે. પરદેશનો વેપારી વર્ગ ગુજરાતમાં ધનનું રોકાણ કરી ગુજરાતની સમૃદ્ધિમાં વધારો કરે.

હાલમાં ગુજરાતની કુંડળીમાં રાહુ સુખ સ્થાનમાં ચાલતાં આર્થિકક્ષેત્રે ગુજરાતને પગલાં લેવા પડે. એક સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિનું નિર્માણ પણ ણણી વખત થતુ જોવા મળે. ગુજરાતમાં ઉદ્યોગપતિ સાહસવીરો હોવા છતાં, લાંચરૂશ્વત નફાખોરી, દાણચોરોની બદી ન ફેલાય તે માટે કાળજી લેવી પડે. ગુજરાતમાં પક્ષિય ધોરણે તક સાધુઓના દર્શન થાય. કોમી વલણમાં જાગૃતતા રાખવી પડે.

## ગુજરાત રાજ્ય

શિક્ષણ ક્ષેત્રે જોતાં ગુજરાતમાં, તાલિમી સંસ્થાઓ અભ્યાસલક્ષી બની રહે. ગુજરાતના ઉદ્યોગધંધામાં શ્રમજીવી વર્ગ અને ઉપલબ્ધતાના સાધનોનો અભાવ ઘણી વખત હડતાલ, તાળાબંધી કે અશાંતિ કે એવા અણછાજતા બનાવોથી પણ તેની કાળજી લેવી. શ્રમજીવી વર્ગ અને ઉદ્યોગકારોને આ માટે સહન કરવું પડે. કુદરતી આપદાઓથી સાચવવુ પડે. દરિયાકીનારે પવનના તોફાનો અને મુશ્કેલીઓ ઉભી થાય. વરસાદની અનિયમિતતાથી પણ ગુજરાતને કષ્ટ સહન કરવુ પડે. પ્રપંચી રાજકારણ ગુજરાતને હાની કરે. માર્ચ ૨૦૧૯થી વર્ષના અંત સુધીમાં રાજ્યમાં એક પછી એક હરકત મુશીબત આવે. હડતાલ તાળાબંધી, અશાંતિ, વિવિધ મોરચાનો સામનો કરવો પડે. સ્ફોટક પરિસ્થિતિને સાચવી લેવી પડે. ગુજરાત રાજ્ય વિકાસને વરેલુ છે. આ ગુજરાત અવિરત રીતે ઘણી બધી મુશીબતો સામે અડગ રહી શ્રેયકારી કામ કરશે.

## અન્ય દેશોનું ભાવિ જોતાં

### પાકિસ્તાન :-

પાકિસ્તાન માટે માર્ચ-૨૦૧૯નો ગાળો કષ્ટકારક રહે. શનિનું ભ્રાણ પણ પાકિસ્તાન માટે કષ્ટકારી રહે. મિથુનનો રાહુ થતાં નાણાંકીય સ્થિતિ બગડે. ગ્રહોના અંગારક યોગો પાકિસ્તાનના છમકલા ભારત ઉપર થતાં રહે. યુદ્ધાદિ જેવી ઘટના જણાય.

### બાંગ્લાદેશ

તા. ૧૩-૪-૧૯૭૧ના રોજ સવારે ૧૧ વાગે, ઢાકા નજીકના સ્થળમાં યુદ્ધ ચાલતુ હતુ તે વખતે સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાની ઘોષણા થયેલી. તે વખતે કર્ક લગ્નના ૧૮ અંશ, અને મંગળ સાતમે મકરનો ૨૧ અંશનો હતો. મિથુનના રાહુમાં બાંગ્લાદેશમાં આર્થિક તેમજ રાજકીય કસોટીના એરણ ઉપર ચઢવુ પડે. ધનનો શની બાંગ્લાદેશ માટે સારો રહે. ૨૦૧૯ની સાલમાં મે થી ઓગષ્ટનો ગાળો બાંગ્લાદેશ માટે નબળો ગણાય. ભારત માટે તેના સંબંધો વૃશ્ચિકનો ગુરુનું ભ્રાણ જોતાં એકંદરે સારા રહે.

### બાલચીન

કુંભ લગ્નથી પાંચમે મંગળ-રાહુનું ભ્રમણ તેમજ તા. ૩૦-૪-૨૦૧૯થી વક્રી શનિ તા. ૧૨-૮-૨૦૧૯થી હર્ષલ વક્રી સપ્ટેમ્બર માસમાં પાપગ્રહનો ભરડો ચીન માટે વિઘ્નરૂપ રહે. ચીન, ભારતના સંબંધોમાં ઓટ આવી શકે. કુદરતી આપદાઓથી પણ ચીનગ્રસ્ત થતુ જોવા મળે.

### રશિયા

સિંહ લગ્નથી બારમો રાહુ રશિયા માટે નબળો રહે. મેષના હર્ષલમાં રશિયા અવકાશક્ષેત્રે અને સંશોધન ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરે. માર્ચ માસમાં રાહુ મિથુનનો થાય, રશિયાની પ્રગતિ જોવા મળે આમ છતાં અરાજકતાવાળા તત્વોથી રશિયાએ સાવચેત રહેવં ઘટે.

### અમેરિકા :-

મિથુન લગ્નની કુંડળીમાં રાહુ મિથુનમાં આવતાં અમેરિકામાં કેટલાક વિવાદસ્પદ નિર્ણયોથી, અમેરિકાની મુંઝવણ પણ વધે. પરરાષ્ટ્રીય સંબંધો બગડે આમ છતાં મહાસત્તા છે. એટલે તેનું વર્ચસ્વ ટકી રહે. અમેરિકાની નાણાંકીય પોલીસીમાં મોટો ફેરફાર થાય. જેમ જેમ મંદીનો વખત આવતો જાય તેમ તેમ અમેરિકાના દુનિયાના અન્ય દેશો સાથેના વ્યવહાર પોલીસીમાં બદલાવ આવતા જણાય. વેપાર વિજ્ઞાન, યુદ્ધક્ષેત્રે અમેરિકા ઘણી પ્રગતિ કરે. દુનિયામાં આવતી વિકટ સ્થિતિમાં પણ અમેરિકા અડગતાથી આગળ વધી શકે.

## ઉપસંહાર :-

વિક્રમ સંવત ૨૦૭૫ના ગ્રહ સંજોગો જોતાં, મે ૨૦૧૯ થી આવતા ગ્રહોમાં રાહુ કેતુ ગ્રહો વચ્ચેનો ભરડો, અંગારક યોગો, મંગળ, હર્ષલના યોગો ભારત માટે કસોટીપૂર્ણ રહે. આ ગાળામાં પ્રજા પીસાતી જોવા મળે. આર્થિક સંકજડામણ તેમજ આતંક અને તાળાબંધી, સરહદે થતો તણાવ, આંતરિક બાબતો વચ્ચે ભારતના સત્તાધીશોએ આ કસોટીમાંથી પાર ઉતરવું રહ્યું.

વિક્રમ સંવત ૨૦૭૫માં સુજ્ઞ વાંચકોને નવા વર્ષની શુભેચ્છા

- **અંબારામ દામોદરદાસ પટેલ**

## વિક્રમ સંવત-૨૦૭૫ વરસાદનાં નક્ષત્રો, વાહનો

**વિ.સં. ૨૦૭૫ વરસાદનાં નક્ષત્રો, વાહનો - સંજ્ઞા. સ્ત્રી = સ્ત્રી, પુ. = પુરુષ સૂ=સૂર્ય**

| તારીખ | વાર | સૂર્ય નક્ષત્ર | ચંદ્ર નક્ષત્ર | વાહન | અન્ય બાબતો | વિશેષ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૮-૦૬-૧૯ | શનિ | મૃગ શીર્ષ | મઘા | મૂષક | પુ.સ્ત્રી. સૂ. ચં | સંયોઝાયું | ચોમાસાની ઋતુમાં સૂર્ય આદ્રા નક્ષત્રથી જે દિવસે સૂર્યનું દનિયુ |
| ૨૨-૦૬-૧૯ | શનિ | આર્દ્રા | ઘનિષ્ઠા | હાથી | સ્ત્રી-પુ.ષં.ચં. | - | નક્ષત્ર પુરુષ સંત્રાવાળુ હોય તો સાધારણ રીતે તાપ પડે |
| ૦૬-૭-૧૯ | શનિ | પુનર્વસુ | મઘા | ઘેટુ | સ્ત્રી.સ્ત્રી ચં.ચં. | - | નપુંસક સંજ્ઞાનું હોતા તાપ ઘણો પડે |
| ૨૦-૭-૧૯ | શનિ | પુષ્ય | શતતારા | ગધેડો | સ્ત્રી.પુ.સૂ.ચં. | સંયોગાયુ | સ્ત્રી સંજ્ઞાવાળુ હોય તો પવન ઘણો વાય. |
| ૦૩-૦૮-૧૯ | શનિ | આશ્લેષ | પૂ.ક્ષ. | દેડકો | સ્ત્રી.સ્ત્રી.ચં.સૂ. | - | અને એક પુરુષ અને એક સ્ત્રી સંજ્ઞાવાળુ સંયોગાયુ નક્ષત્ર હોય તો વરસાદ સારો પડે |
| ૧૭-૦૮-૧૯ | શનિ | મઘા | શતતારા | મૂષક | સ્ત્રી.પુ.ચં.સૂ. | સંયોગાયુ | |
| ૩૧-૦૮-૧૯ | શનિ | પ.ફા. | પૂ.ફા. | અશ્વ | સ્ત્રી.સ્ત્રીસૂ.સૂ. | - | સૂર્યના આર્દ્રા નક્ષત્રથી |
| ૧૩-૦૯-૧૯ | શુક્ર | ઉ.ફા. | પૂ.ભા. | મોર | સ્ત્રી.સ્ત્રી.સૂ.સૂ. | - | વાહન સંજ્ઞા જોવાય છે અને તે ઉપરથી ઓછો વત્તો વરસાદ કહેવાય છે. |
| ૨૭-૦૯-૧૯ | શુક્ર | હસ્ત | પૂ.ફા. | ગધેડુ | સ્ત્રી.સ્ત્રી.સૂ.સૂ. | - | |
| ૧૧-૧૦-૧૯ | શુક્ર | ચિત્રા | પૂ.ભા. | દેડકો | સ્ત્રી.પુ.સૂ.સૂ. | - | |
| ૨૪-૧૦-૧૯ | ગુરુ | સ્વાતિ | પૂ.ફા. | મૂષક | સ્ત્રી.સ્ત્રી.સૂ.સૂ. | - | |





